# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, વડોદરા

અનાવીલ ભવન સામે, કારેલીબાગ, વડોદરા.

ફોન નં./ફેક્સ નં. ૦૨૬૫–૨૪૬૧૭૦૩ ઈ–મેઈલ : vadodeo@gmail.com


ક્રમાંક. ક–૩/પરચ/૨૦૨૫–૨૬/ ૯-૬૦

તા.૨૦/૦૨/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
સંચાલકશ્રી/આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉ.મા. શાળાઓ,
જિ.વડોદરા.

**વિષય : કચેરી ખાતે કરવામાં આવતા તમામ પત્ર વ્યવહાર PDF FORMAT માં E-MAIL મારફતે રજુ કરવા બાબત.**

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, શિક્ષણ વિભાગમાં વખતોવખતની સુચનાઓને ધ્યાને લઈ સરકારશ્રી તરફથી ગુજરાત રાજયની તમામ કચેરીઓમાં ઈ–સરકારનું અમલીકરણ કરવા જણાવવામાં આવેલ છે, જે અન્વયે અત્રેની કચેરી તરફથી તમામ પત્ર વ્યવહારો ઈ–સરકાર મારફતે કરવા સુચના મળેલ હોવાથી હવે પછી તા.૨૧/૦૨/૨૦૨૬ બાદ કોઈ પણ દરખાસ્ત/ફાઈલ અથવા પત્ર હાર્ડકોપીમાં સ્વીકારવામાં આવશે નહી.

વડોદરા શહેર–જિલ્લાની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉ.મા. તેમજ તમામ અન્ય બોર્ડની શાળાઓ તરફથી અત્રેની કચેરી ખાતે કરવામાં આવતા પત્ર વ્યવહાર નીચે મુજબના Q.R. કોડમાં જણાવેલ E-MAIL ADDRESS માં જ કરવા જણાવવામાં આવે છે. Q.R. કોડની વિગત આ સાથે સામેલ રાખેલ છે, જેથી હવે પછી વડોદરા શહેર–જિલ્લાની તમામ શાળાઓએ તમામ પ્રકારના પત્ર વ્યવહાર ફક્ત અને ફક્ત Q.R. કોડમાં જણાવેલ ઈ–મેઈલ એડ્રેસ મારફતે જ માહિતી સ્કેન કરી PDF FORMAT માં જ રજુ કરવાની રહેશે.

આમ, ઉપરોક્ત બાબતનું ચુસ્તપણે અમલ કરવા તમામ શાળાઓને જણાવવામાં આવે છે, તેમ છતાં કોઈ પણ શાળા હાર્ડકોપી રૂબરૂમાં પત્ર વ્યવહાર કરશે તો તેને ધ્યાને લેવામાં આવશે નહી અને સદર બાબતે જે કાંઈ પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગેની સઘળી જવાબદારી જે તે શાળાના આચાર્યશ્રી તથા શાળામંડળની પોતાની રહેશે, જેની નોંધ લેશો.

(એમ.આર.પાંડે)
જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા.

registry.deovdd@gmail.com

Scanned with CamScanner